# 104

## અમદાવાદ જિલ્લામાં ઘન કચરાના પ્લાન્ટ

* 15/3/393 શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૨/૦૨/૧૯ ના રોજ પંદરમી અતારાંકિત યાદીમાં સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૭૦૮ ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૦/૦૬/૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં એકપણ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત ન હતા તો તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની કઈ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા, | (૧) | તા.૩૦/૦૬/૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં એકપણ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત ન હતા તો તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની વિરમગામ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલ માટે વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કઈ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત કરવાના બાકી છે, તેના કારણો શા છે, અને | (૨) | ઉક્ત સ્થિતિએ સાણંદ, બાવળા, બારેજા, ધોળકા અને ધંધુકા નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત કરવાના બાકી છે, તેના કારણો નીચે મુજબ છે, |

| ક્રમ | નગરપાલિકા | કારણો |
|---|---|---|
| ૧ | સાણંદ | ઘન કચરાના નિકાલ માટે સિવિલ વર્કની કામગીરી (કમ્પાઉન્ડ વૉલ, ટોઈલેટ બ્લોક, પેવર બ્લોક વિગેરે) પ્રગતિમાં છે. આ કામગીરી પૂર્ણ થયેથી ઘન કચરાના નિકાલ માટે પ્લાન્ટ કાર્યરત કરવામાં આવશે. |
| ૨ | બાવળા | ઘન કચરાના નિકાલ પ્લાન્ટની સિવિલ વર્કની કામગીરીમાં જમીન વિવાદના કારણે વિલંબ થયેલ છે. MRF સેન્ટર તેમજ સેગ્રીગેશન પ્લાન્ટ SBM 2.0/15 માં નાણાપંચમાંથી આયોજન પ્રગતિમાં છે. જે કામગીરી પૂર્ણ થયેથી પ્લાન્ટ પૂર્ણ કાર્યક્ષમતાથી કાર્યરત બનશે. |
| ૩ | બારેજા | હાલ કામગીરી ચાલુ છે અને ટૂંક સમયમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |
| ૪ | ધોળકા | ઘન કચરાના નિકાલ માટે હાલમાં લેગસી વેસ્ટના પ્રોસેસિંગની કામગીરી ચાલુ છે. જે પૂર્ણ થયેથી ઘન કચરાના નિકાલ માટેની કામગીરી હાથ |

| | | |
|---|---|---|
| | | ઘરવામાં આવશે. |
| ૫ | ધંધુકા | ધંધુકા નગરપાલિકામાં સૂકા કચરા MRFની કામગીરી ચાલુ હોઇ, તેમજ ભીના કચરા માટે પીટ કમ્પોસ્ટમાં મરામતની જરૂરિયાત હોઈ તે કામગીરી પૂર્ણ થયા પછી કામગીરી શરૂ કરવામાં આવશે. |

(૩) ઉક્ત બાકી નગરપાલિકામાં ક્યાં સુધીમાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત કરવામાં આવશે?

(૩)

| ક્રમ | નગરપાલિકા | પ્લાન્ટ કાર્યરત કરવામાં આવશે |
|---|---|---|
| ૧ | સાણંદ | ઓકટોબર – ૨૦૨૪ |
| ૨ | બાવળા | ડિસેમ્બર – ૨૦૨૪ |
| ૩ | બારેજા | ડિસેમ્બર – ૨૦૨૩ |
| ૪ | ધોળકા | એપ્રિલ – ૨૦૨૪ |
| ૫ | ધંધુકા | ડિસેમ્બર – ૨૦૨૪ |

-----------